વેદમાતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી મંદિર તથા શ્રીમતી એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે MOU અંગે નો વિસ્તૃત અહેવાલ (તા. **06/08/2026**, ગુરુવાર)

વેદમાતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી મંદિર, જામજોધપુર દ્વારા વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ સેવાકીય કાર્યને વધુ વ્યાપક બનાવવા તથા કોલેજના વિદ્યાર્થીઓમાં સેવાભાવ વિકસે તે હેતુથી આજરોજ તા. 06/08/2026, ગુરુવારના રોજ ગાયત્રી શક્તિપીઠ, જામજોધપુર ખાતે ગાયત્રી મંદિરના ટ્રસ્ટી શ્રી અમુભાઈ વેષણાણી તથા શ્રીમતી એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુરના પ્રિન્સિપાલ ડૉ. અલ્કેશ વાછાણીની ઉપસ્થિતિમાં બંને સંસ્થાઓ વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

આ MOU અંતર્ગત કોલેજના NSS વિભાગના સ્વયંસેવકો ગાયત્રી મંદિર દ્વારા આયોજિત વિવિધ સેવાકીય કાર્યોમાં સક્રિય સહભાગી બનશે.

આ પ્રસંગે ગાયત્રી મંદિરના ટ્રસ્ટીમંડળમાંથી શ્રી નરેન્દ્રભાઈ કડીવાર, શ્રી કાંતિભાઈ રામોલિયા, શ્રી વી.ડી. જાડેજા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ તરફથી શ્રી નિલેશ ઠકરાર તથા ડૉ. અનિલ હોથી ઉપસ્થિત રહ્યા હતા.

આ સેવાકીય યજ્ઞ દરમિયાન કોલેજના NSS સ્વયંસેવકોએ વિવિધ આરોગ્ય સેવાઓમાં ઉત્સાહપૂર્વક સેવા આપી હતી. જેમાં નેત્ર ચિકિત્સા વિભાગમાં કુલ 130 દર્દીઓએ લાભ લીધો હતો, દંત ચકાસણીમાં 25 દર્દીઓએ લાભ લીધો હતો, ડાયાબિટીસ ચકાસણીમાં 63 દર્દીઓએ લાભ લીધો હતો તેમજ ફિઝિયોથેરાપી વિભાગમાં 09 લાભાર્થીઓએ સેવા પ્રાપ્ત કરી હતી.

કોલેજના NSS સ્વયંસેવકોએ સમગ્ર કામગીરી સુપેરે નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. અંતે કોલેજના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ કાલરિયાએ સ્વયંસેવકો તથા તમામ આયોજકોની કામગીરીને બિરદાવી હતી.

Detailed report on MOU for service activities between Gayatri Mandir run by Vedmata Gayatri Parivar Trust and Shrimati A.V.D.S. Arts and Commerce College, Jamjodhpur (Date 06/08/2026, Thursday)

Gayatri Mandir run by Vedmata Gayatri Parivar Trust, Jamjodhpur has been organizing various service activities for years. With the aim of making this service work more extensive and developing the spirit of service among the students of the college, an MOU for service activities was signed between the two institutions today, on Thursday, 06/08/2026, at Gayatri Shaktipeeth, Jamjodhpur in the presence of Shri Amubhai Veshnani, Trustee of Gayatri Mandir and Shrimati A.V.D.S. Arts and Commerce College, Jamjodhpur Principal Dr. Alkesh Vachhani.

Under this MOU, the volunteers of the NSS department of the college will be active participants in various service activities organized by the Gayatri Temple.

On this occasion, Shri Narendrabhai Kadiwar, Shri Kantibhai Ramolia, Shri V.D. Jadeja and other trustees from the board of trustees of the Gayatri Temple were present. Shri Nilesh Thakrar and Dr. Anil Hothi were present from the college.

During this service yagna, the NSS volunteers of the college enthusiastically served in various health services. In which a total of 130 patients benefited in the ophthalmology department, 25 patients benefited in dental check-up, 63 patients benefited in diabetes check-up and 09 beneficiaries received service in the physiotherapy department.

The NSS volunteers of the college performed the entire work perfectly. The entire program was successfully completed in a cordial atmosphere. Finally, the college trustee, Shri Rameshbhai Kalaria, praised the work of the volunteers and all the organizers.

Photos of MOU









News and Press Release of MOU

જામજોધપુર ગાયત્રી મંદિર અને એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે એમઓયુ

અબતક, ભરત ગોહિલ, જામજોધપુર

વેદમાતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી મંદિર, જામજોધપુર દ્વારા વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ સેવાકીય કાર્યને વધુ વ્યાપક બનાવવા તથા કોલેજના વિદ્યાર્થીઓમાં સેવાભાવ વિકસે તે હેતુથી આજરોજ તા. ૦૬/૦૮/૨૦૨૬, ગુરુવારના રોજ ગાયત્રી શક્તિપીઠ, જામજોધપુર ખાતે ગાયત્રી મંદિરના ટ્રસ્ટી અમુભાઈ વેષણાણી તથા એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુરના પ્રિન્સિપાલ ડો. અલ્કેશ વાછાણીની ઉપસ્થિતિમાં બંને સંસ્થાઓ વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

આ એમઓયુ અંતર્ગત કોલેજના એમઓયુ વિભાગના



સ્વયંસેવકો ગાયત્રી મંદિર દ્વારા આયોજિત વિવિધ સેવાકીય કાર્યોમાં સક્રિય સહભાગી બનશે.

આ સેવાકીય યજ્ઞ દરમિયાન કોલેજના એનએસએસ સ્વયંસેવકોએ વિવિધ આરોગ્ય સેવાઓમાં ઉત્સાહપૂર્વક સેવા આપી હતી. જેમાં નેત્ર ચિકિત્સા વિભાગમાં કુલ ૧૩૦ દર્દીઓએ લાભ લીધો હતો, દંત ચકાસણીમાં ૨૫ દર્દીઓએ લાભ લીધો હતો, ડાયાબિટીસ ચકાસણીમાં ૬૩ દર્દીઓએ લાભ લીધો હતો તેમજ ફિઝિયોથેરાપી વિભાગમાં ૦૯ લાભાર્થીઓએ સેવા પ્રાપ્ત કરી હતી.

કોલેજના એનએસએસ સ્વયંસેવકોએ સમગ્ર કામગીરી સુપેરે નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. અંતે કોલેજના ટ્રસ્ટી રમેશભાઈ કાલરિયાએ સ્વયંસેવકો તથા તમામ આયોજકોની કામગીરીને બિરદાવી હતી.

જામજોધપુર : ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અને કોલેજ વચ્ચે સેવાકીય પ્રવૃતિ માટે MOU

જામજોધપુર : ગાયત્રી મંદિર જામજોધપુર દ્વારા વર્ષોથી ચાલતા સેવા કાર્યમાં શ્રીમતી એ. વી.ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ જામજોધપુર, કોલેજના વિદ્યાર્થીઓનું ખિસકોલી કર્મ વેદમાતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી મંદિર, જામજોધપુર દ્વારા વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ સેવાકીય કાર્યને વધુ વ્યાપક બનાવવા તથા કોલેજના વિદ્યાર્થીઓમાં સેવાભાવ વિકસે તે હેતુથી આજરોજ તા.૬ના રોજ ગાયત્રી શક્તિપીઠ, જામજોધપુર ખાતે ગાયત્રી મંદિરના ટ્રસ્ટી અમુભાઈ વેષણાણી તથા શ્રીમતી એ.વી. ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુરના પ્રિન્સિપાલ ડૉ. અલ્કેશ વાછાણીની ઉપસ્થિતિમાં બંને સંસ્થાઓ વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ MOU અંતર્ગત કોલેજના NSS વિભાગના સ્વયંસેવકો ગાયત્રી મંદિર દ્વારા આયોજિત વિવિધ સેવાકીય કાર્યોમાં સક્રિય સહભાગી બનશે.આ પ્રસંગે ગાયત્રી મંદિરના ટ્રસ્ટીમંડળમાંથી નરેન્દ્રભાઈ કડીવાર,કાંતિભાઈ રામોલિયા, વી.ડી. જાડેજા તથા અન્ય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.